એક દિલ
એક જીંદગી
એક મંઝિલ
કાર્ડિયાક સાયન્સ
મેરિંગો સિમ્સ હોસ્પિટલ

# મારું હૃદય

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

વર્ષ -16, અંક-189, 15 સપ્ટેમ્બર, 2025

Price ₹ 5/-



# રોટેબ્લેટર, ફ્રેકશનલ ફ્લો રિઝર્વ(FFR), અને આઈવીયુએસ (IVUS)



ડૉ. કેયૂર પરીખ

MD (USA) FCSI (India) FACC (USA), FSCAI (USA)
Interventional Cardiologist

(Mo.) +91 98250 26999
keyur.parikh@cims.org


## રોટાબ્લેટર

સીમ્સ કાડિયોલોજીને ૧૯૯૦થી રોટાબ્લેટરના સંક્રેડો કેસો, રોટાબ્લેટરનો ઉપયોગ કરવાનો સૌથી વધારે અનુભવ છે.

નીચેના સંજોગોમાં રોટાબ્લેટરનો ઉપયોગ થાય છે

- જ્યારે પ્લાકને માત્ર પી.ટી.સી.એ. દ્વારા આર્ટરી વોલની સામે ફૂલાવવાનું કે મોટી કરવાનું અત્યંત મુશ્કેલ જણાતું હોય.
- જ્યારે પ્લાકમાં મોટી માત્રામાં કેલ્શિયમ હોય અને તે સરળતાથી ખસી શકે તેમ ના હોય.
- પ્લાક અતિશય લાંબી હોય અથવા જ્યાંથી આર્ટરી શરૂ થતી હોય ત્યાંથી શરૂ થતી હોય.
- આર્ટરીમાં ઘણી બધી પ્લાક હોય, કે જેને અન્ય પ્રક્રિયા કરતાં પૂર્વે દૂર કરવી જરૂરી હોય.
- આર્ટરી અન્ય પ્રક્રિયાઓ માટે નાની જણાતી હોય.
- અગાઉ પી.ટી.સી.એ. અથવા સ્ટેન્ટ મૂકવામાં આવ્યા હોય અને તેનો કાપો કે ચીરો બંધ કરી દેવામાં આવ્યા હોય,

ચેટાબ્લેટર એક એબેઝીવ, હીરાજડીત બર સાથેનું નાનકડું ડ્રીલ છે. રોટાબ્લેટરનો ઉપયોગ, રોટેશનલ એથેરેક્ટોમી નામની કેથેટર આધારિત એક પ્રારની પ્રક્રિયામાં થાય છે. રોટેશનલ એથેરેક્ટોની એક પ્રકારની લઘુત્તમ વાઢકાપવાળી (મિનિમલી ઈન્વેઝીવ) સારવાર છે કે જેનો ક્યારેક, કોરોનરી આર્ટરીની અંદર જ કઠણ થઇ ગયેલી પ્લાકને ભાંગવા માટે ઉપયોગ થાય છે.



રોટેશનલ એથેરેકટોમી (રચેટાબ્લેશન), જટિલ એવા કોરોનરી આર્ટરી સ્ટેનોસીસની સારવાર કરવા માટેનું એક વૈકલ્પિક સાધન છે. આર્ટિરિયલ સ્ટ્રેચિંગની જેમ લ્યુમિનલ ડાયામીટર ખેંચવાને બદલે અને બલૂન એન્જિયોપ્લાસ્ટી વડે પ્લાક તોડવાને બદલે રોટાબ્લેશન એથેરોસ્કલેરોટિક પ્લાકને વિખેરી નાખે છે. તેનો મૂળભૂત ભૌતિક સિધ્ધાંત ડિફરન્શયલ કટિંગનો છે.

રોટાબ્લેટર કેથેટર વડે એક ગાઇડવાયર દ્વારા બાંધેલું હોય છે, કે જેનો બ્લોકેજની જગ્યાએ ડાય ઈન્જેક્ટ કરવા માટે થાય છે. રોટાબ્લેટરનો ઉપરનો ભાગ હીરાના અત્યંત નાના ટુકડાથી કોટ કરવામાં આવે છે. પ્લાકની સામે તેની ટીપ અથવા ટોપકાંને અત્યંત ઝડપથી ફરી શકે તે માટે હવાના દબાણનો ઉપયોગ કરવામાં આવે છે. આ ટોપકાને ૧૯૦૦૦ RPM સુધી ફેરવવા માટે વીજળીના ટૂંકા વેગીલા પ્રવાહનો ઉપયોગ કરવામાં આવે છે. તેના પરિણામે પ્લાક પીસાઈ જશે અથવા ભાંગી જશે અને તેના નાના-નાના ટુકડા થઈ જશે. ચેટાબ્લેટર દ્વારા થતા પ્લાકના ટુકડા પૈકીના ૯૬ ટકા કણો ૫ માઇક્રોન્સથી પણ નાના હોય છે. આઇ.વી. લઇડ દ્વારા આ રજકણોને નીચે ધકેલવામાં આવે છે અને તે શરીરના કુદરતી ઉત્સર્જન દ્વારા સાફ થઈ જાય છે. ડાયમંડ ક્સિલ (નાનકડો હીરો) માત્ર પ્લાકને જ પીસશે, કારણ કે તે આર્ટરીના લવચિક કોષો કરતાં વધારે સખત અને કઠણ છે

## ફ્રેક્શનલ ફ્લો રિઝર્વ (FFR)

માયોકાર્ડિયલ F F R , એ હૃદયની સંકુચિત ધમનીઓની કામગીરી દર્શાવતો આંક છે. FFR થી ઈન્ટર મિડિયેટ મધ્યમ બ્લોકેજીસ ઉપર એન્જિયોપ્લાસ્ટી અથવા સ્ટેન્ટિંગ કરવું કે નહીં તે નક્કી કરી શકાય છે.

FFR એક ગાઈડ વાયર આધારિત પ્રક્રિયા છે કે જે


**કાર્ડિયોલોજી**

| | |
|---|---|
| ડૉ કેયૂર પરીખ | +91-98250 26999 |
| ડૉ મિલન ચગ | +91-98240 22107 |
| ડૉ હેમાંગ બક્ષી | +91-98250 30111 |
| ડૉ ઉર્મિલ શાહ | +91-98250 66939 |
| ડૉ અનિશ ચંદારાણા | +91-98250 96922 |
| ડૉ અજય નાઇક | +91-98250 82666 |
| ડૉ સત્ય ગુપ્તા | +91-99250 45780 |
| ડૉ વિપુલ કપૂર | +91-98240 99848 |
| ડૉ તેજસ વી. પટેલ | +91-89403 05130 |
| ડૉ હિરેન કેવડીયા | +91-98254 65205 |
| ડૉ કાશ્યપ શેઠ | +91-99246 12288 |

**કાર્ડિયોથોરાસિક સર્જરી**

| | |
|---|---|
| ડૉ ધીરેન શાહ | +91-98255 75933 |
| ડૉ ધવલ નાયક | +91-90991 11133 |
| ડૉ અમિત ચંદન | +91-96990 84087 |
| ડૉ નિકુંજ વ્યાસ | +91-73531 65955 |
| ડૉ ધ્યાનિલ ત્રિવેદી | +91-99989 67576 |

**કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજી**

| | |
|---|---|
| ડૉ અજય નાઈક | +91-98250 82666 |
| ડૉ હિરેન કેવડિયા | +91-98254 65205 |

**વાસ્ક્યુલર અને થોરાસીક સર્જરી**

| | |
|---|---|
| ડૉ પ્રણવ મોદી | +91-98240 84700 |

**પીડિયાટ્રીક કાર્ડિયોલોજી**


| | |
|---|---|
| ડૉ મિલન ચગ | +91-98240 22107 |
| ડૉ કશ્યપ શેઠ | +91-99246 12288 |

**પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જરી**

| | |
|---|---|
| ડૉ શૌનક શાહ | +91-98250 44502 |

**કાર્ડિયાક એનેસ્થેસિઓલોજી**

| | |
|---|---|
| ડૉ નિરેન ભાવસાર | +91-98795 71917 |
| ડૉ હિરેન ધોળકિયા | +91-95863 75818 |
| ડૉ ચિંતન શેઠ | +91-91732 04454 |





કોરોનરી આર્ટરી (હૃદયની ધમની)ના એક ચોક્કસ ભાગના લોહીના પ્રવાહ અને લોહીના દબાણને માપે છે.FFR,કોરોનરી એન્જિયોગ્રામ વખતે એક સ્ટાન્ડર્ડ ડાયોગિનિસ્ટિક કેથેટર વડે કરવામાં આવે છે.

FFR, મલ્ટિવેસલ ડિસીઝની સ્થિતિમાં કલ્પ્રિટ લેઝનને શોધી કાઢે છે.

**FFR પ્રક્રિયા :** ટ્રાન્સ-સ્ટેનોટિક પ્રેશર નોંધવા માટે અને મહત્તમ હાયપરેમિક સ્ટિમ્યુલસ આપવા માટે 0.014 નો પ્રેસર ગાઇડવાઇર સ્ટેનોસીસમાં પસાર કરવામાં આવે છે.


**FFR ના ફાયદા**

- FFR, એપિકાડિયેલ સ્ટેનોસીસ માટે એક ચોક્કસ ઇન્ડેક્સ (સૂચકાંક) છે અને તેથી તે, રિવાસ્ક્યુલરાઇઝેશન દ્વારા દર્દીને કેટલે અંશે મદદ મળશે તેનો વધારે સારો નિર્દેશ કરે છે.
- FFR હૃદયના ધબકારાની ગતિ, લોહીના દબાણ અને સંકુચનશીલતા (કોન્ટ્રેક્ટીલિટી) પરત્વે તટસ્થ છે.

**આઇવીયુએસ (IVUS)**

IVUS અંદરથી આર્ટિરિયલ વોલનો 360 ડિગ્રીનું ટોમોગ્રાફિક દ્રશ્ય (ચિત્ર) રજૂ કરે છે અને એન્જિયોગ્રાફી વડે શક્ય હોય તેના કરતાં વધારે સંપૂર્ણ અને ચોક્કસ તપાસ કરવાનું શક્ય બનાવે છે. સીમ્સ ખાતે આર્ટરી વોલની અંદર પ્લાકની માત્રા અને આર્ટરી લ્યુમેનના સંકોચનનું પ્રમાણ, બંને નક્કી કરવા માટે IVUSનો ઉપયોગ થાય


છે. તે જ્યારે એન્જિયોગ્રાફિક-ઇમેજિંગ અવિશ્વસનીય ગણાતું હોય તેવી પરિસ્થિતિમાં



વિશેષત: ઉપયોગી બને છે.

**IVUS સંકલિત પદ્ધતિના ફાયદા**

- બીજી નવી ટેકનોલોજી માટે એક પ્લેટફોર્મ બની રહે છે.
- તાત્કાલિક ઉપયોગમાં આવી શકે તથા પ્રક્રિયા માટે ઓછો સમય
- રૂમ વચ્ચે બહાર કાઢી ખસેડવાની વ્યવસ્થા
- પ્રક્રિયા રૂમમાં ઓછી જગ્યા રોકે છે
- બીજી નવી ટેકનોલોજી માટે એક પ્લેટફોર્મ બની રહે છે
- કાર્યપદ્ધતિમાં સુધારો



# હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશન (હૃદય પ્રત્યારોપણ)



**ડૉ. ધવલ નાયક**

M.S. (Gold Medalist), DNB (CTS)
Fellow, RPAH (Sydney)
Cardiac & Heart - Lung Transplant Surgeon

**(Mo.) +91 90991 11133**
dhaval.naik@cims.me

હૃદય ટ્રાન્સપ્લાન્ટેશન એ સર્જરીનું નામ છે જેમાં એક મૃતપ્રાય વ્યકિતનું હૃદય બીજા વ્યકિતના શરીરમાં મૂકવામાં (પ્રત્યારોપણ) આવે છે. આ ઓપરેશન એવા દર્દીઓ માટે વરદાનરૂપ છે જેમના હૃદયની પમ્પીંગ ક્ષમતા અત્યંત નબળી થઈ ગઈ હોય છે. આવા દર્દીઓને મેડીકલ ભાષામાં એન્ડ સ્ટેજ હાર્ટ ફ્લ્યોર ના દર્દી કહેવાય છે. જયારે બધી સારવારની પધ્ધતિઓ નિષ્ફળ જાય છે ત્યારે આવા દર્દીઓ માટે આ એકમાત્ર જીવન લંબાવવાનો ઉપચાર છે.

પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ૩ ડિસેમ્બર,૧૯૬૭ ના રોજ સાઉથ આફ્રિકાના એક કાર્ડિયાક સર્જન ક્રિશ્ચીઅન બર્નાડ દ્વારા કરવામાં આવેલું. હાલમાં આખા વિશ્વમાં સરેરાશ દર વર્ષે ૩૫૦૦ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થતા હશે.

હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે હૃદય આપનાર દાતા અથવા ડોનર નો પ્રશ્ન જટીલ છે. એક ઉચિત ડોનર તેને માનવા માં આવે છે જેને મગજમાં Irreversible ઈજા ને કારણે મરણ પામવાની તૈયારીમાં હોય છે. પરંતું બાકી બધા અંગો જેમ કે કીડની, લીવર અને હૃદય કાર્યરત હોય છે. આવા દર્દીને બ્રેઈનડેડ કહેવામાં આવે છે. દર્દી બેઈનડેડ છે કે નહી એ એક બહુ સંવેદનશીલ નિર્ણય હોવાને કારણે એક બ્રેઈનડેડ કમીટી, જેમાં એક ન્યુરોલોજીસ્ટ-ન્યુરોસર્જન હોવો જરૂરી છે, તે જ કરી શકે છે. આ નિર્ણય ના સામાજીક અને માર્મીક (પરીબળો) ના કારણે અને એક બ્રેઈનડેડ પેશન્ટ ના સગાઓની મનો સ્થિતીને કારણે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે ડોનર હાર્ટ ની સંમતિ મેળવી એ પ્રથમ સક્ષમ પગલું છે. જો આ બાબતો સામાન્ય જનતામાં જાગૃતિ હોય તો ટ્રાન્સપ્લાન્ટ માટે ડોનર મળવા અશકય નથી. તે રૂપાંતર એક બેઈન ડોનર ના શરીરના બીજા અંગો જેમ કે કીડની, લીવર વગેરે ડોનેટ કરી ઘણાં



બધા દર્દીઓને જીવનદાન પ્રદાન કરી શકે છે.


ઘાતક મસ્તીક્ષ ઈજાનું મુખ્ય કારણ વાહન અકસ્માત હોય છે. આવા દર્દીઓ સંપૂર્ણ રીતે બેહોશ હોય છે. અમુક ટેસ્ટ દ્વારા એવું સાબિત કરી શકાય છે તે વ્યકિત ભાનમાં આવશે કે નહીં.

આ પછીનો બીજો તબકકો પણ ઘણો મુશ્કેલ છે. હૃદયનું સંરક્ષણ. જે ક્ષણે ડોનર હાર્ટનું રકતસંચાર અટકાવવામાં આવે છે તે ઘડીએ હૃદયની સ્ટોપવોચ ચાલુ થઈ જાય છે. તે ઘડીથી ચાર કલાક સુધી છે જો યોગ્ય રીતે ઠંડુ રાખવામાં આવે તો હૃદય પ્રત્યારોપણ માટે ઉપયોગ કરી શકાય છે. તેથી ડોનર હૃદય ઝડપથી Recipient પાસે લઈ જવું ખૂબ જ અગત્યનું છે.

Transplant કર્યા બાદના એક કે બે દિવસ ખૂબ જ Critical હોય છે. આ દરમિયાન ICU માં તેમને સઘન ચિકિત્સા આપવામાં આવે છે. આ Period માં Acute rejection નો પણ ખતરો હોય છે. Acute rejection થી જાનનું જોખમ વધી જાય છે.

સફળ Transplant પછી Patient in Symptoms માં ઘણો સુધારો જોવા મળે છે.

આજીવન Immuno Supperior દવાઓ ખાવી પડતી હોય છે. એક મહિના જેવો Critical Time પસાર થઈ જાય તો દર્દી એક નોર્મલ જીવનની અપેક્ષા રાખી શકે છે.



MarengoCIMS Hospital
HUMANE BY PRACTICE

## મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં

# કેશલેસ સેવાઓ

## હવે ઉપલબ્ધ

જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત

અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ



## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થેકર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોક્સ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીક્લેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફ્વે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફ્કો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)

- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)
- **સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (ગાંધીનગર)
- કોલ ઈન્ડિયા લિમિટેડ
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC) * (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- **ECHS (એક્સ-સર્વિસમેન કોન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ)**
- ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કેમિકલ્સ લિમિટેડ (GSFC)
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)
- ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)
- ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ (NIOH)
- NHPC લિમિટેડ
- ઓઇલ ઈન્ડિયા લિમિટેડ
- ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે)
- ઓફિસ ડાયરેક્ટર જનરલ ઓફ ઓડિટ (Central) ગુજરાત (Audit Bhavan)
- ઓફિસ પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (Audit-I) એ.જી.એમ.
- ઓફિસ એકાઉન્ટન્ટ જનરલ (Audit-II) એ.જી.એમ.
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- **રાજસ્થાન સરકાર આરોગ્ય યોજના (RGHS)**
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)
- વેસ્ટર્ન રેલ્વે
- **આયુષ્માન ભારત-પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)- માત્ર કેન્સર અને ડાયાલિસિસની સારવાર માટે**

Terms & Conditions Apply*


Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE


ONE HEART
ONE LIFE
ONE DESTINATION
CARDIAC SCIENCE
MARENGO CIMS HOSPITAL

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# શું તમે હાર્ટ ફેલ્યોર થી પીડાઈ રહ્યા છો?

**હાર્ટ ફેલ્યોર,** જેને કંન્જેસ્ટિવ હાર્ટ ફેલ્યોર (CHF) પણ કહેવામાં આવે છે, તેનો અર્થ એ છે કે તમારું હૃદય લોહી એટલું સારું પંપ નથી કરી શકતું જેટલું તેને કરવું જોઈએ. તેનો અર્થ એ નથી કે તમારું હૃદય કામ કરવાનું બંધ કરી દે છે, પરંતુ તે પહેલાં જેટલું મજબૂત નથી રહેતું અને શરીરના ફેફસાં તથા અન્ય ભાગોમાં પ્રવાહી (ફ્લુઇડ) એકઠું થવાનું શરૂ થાય છે. જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ, પગ, એડી અને પેટમાં સૂજન થાય છે. હાર્ટ ફેલ્યોર ધીમે ધીમે શરૂ થાય છે અને સમય સાથે વધારે ખરાબ થવા લાગે છે.



## જો હા, તો તાત્કાલિક સંપર્ક કરો

### મૈરિંગો સિમ્સ કાર્ડિયાક સર્જરી ટીમ

**કોમ્પ્લેક્સ અને હાઇ રિસ્ક કાર્ડિયાક સર્જરી માટેનું સેન્ટર ઑફ એક્સેલન્સ**
**ગુજરાતની સૌથી મોટી અને અનુભવી કાર્ડિયાક ટીમ**

**• કાર્ડિયોથોરેસિક અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન્સ •**

ડૉ ધીરેન શાહ | ડૉ ધવલ નાયક | ડૉ શૌનક શાહ | ડૉ અમિત ચંદન | ડૉ નિકુંજ વ્યાસ | ડૉ ધ્યાનીલ ત્રિવેદી

**• કાર્ડિયાક એનેસ્થેટિસ્ટ્સ અને ઇન્ટેન્સિવિસ્ટ્સ ફોર એડવાન્સ્ડ હાર્ટ ફેલ્યોર •**

ડૉ નિરેન ભાવસર | ડૉ હિરેન ધોળકિયા | ડૉ ચિંતન શેઠ

Marengo CIMS Hospital
Off. Science City Road, Sola, Ahmedabad - 380060
Email: marengocims.info@marengoaisa.com

JCI (USA) | ACC

For emergency or appointment,
1800 309 9999

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# મૈરિંગો સિમ્સ હૉસ્પિટલના નિષ્ણાત ડૉક્ટર દ્વારા ઓપીડી (ગુજરાત)

## સુરત (સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ, પીપલોદ)

**(દર મહિનાના પહેલા શનિવારે)**

- કન્સલટન્ટ થોરાસીક ઓન્કો સર્જન - **ડૉ સારવ શાહ (પહેલા શનિવારે)**
- ઓર્થોપેડિક અને શોલ્ડર સર્જરીના નિષ્ણાંત - **ડૉ સારવ શાહ (પહેલા શનિવારે)**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## સુરેન્દ્રનગર (દર મહિનાના પહેલા રવિવારે)

- ન્યૂરો અને સ્પાઈન સર્જન - **ડૉ. યશોધર.સી. શાહ**
- કન્સલટન્ટ સર્જિકલ ઓન્કોલોજી - **ડૉ. નિકુંજ પટેલ**

**વિશાલ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ - લીંબડી**
**સમય : બપોરે 12:00 થી 1:00 વાગ્યા સુધી**

**મહર્ષિ હોસ્પિટલ - સુરેન્દ્રનગર**
**સમય : બપોરે 1:30 થી 2:30 વાગ્યા સુધી**

**સીયુ શાહ મેડીકલ કોલેજ - સુરેન્દ્રનગર**
**સમય : બપોરે 3:00 થી 4:00 વાગ્યા સુધી**

**સી જે હોસ્પિટલ - સુરેન્દ્રનગર**
**સમય : બપોરે 4:00 થી 5:00 વાગ્યા સુધી**

## રાજકોટ (શ્રી ગિરીરાજ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા શનિવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ નિકુંજ વ્યાસ**
- કન્સલટન્ટ થોરાસીક ઓન્કો સર્જન - **ડૉ સારવ શાહ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## ભૂજ (કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ)

- હિમેટો ઓન્કોલોજીસ્ટ અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ ફિઝીશીયન - **ડૉ કૌમિલ પટેલ (બીજા અને ચોથા ગુરુવારે)**
- કન્સલ્ટન્ટ બ્રેસ્ટ અને થોરેસિક ઓન્કો સર્જન - **ડૉ અભિષેક જૈન (બીજા ગુરુવારે)**
- પેટના રોગોના નિષ્ણાંત - **ડૉ નિલેશ ટોકે (બીજા અને ચોથા ગુરુવારે)**
- કન્સલટન્ટ થોરાસીક ઓન્કો સર્જન - **ડૉ સારવ શાહ (ત્રીજો શનિવારે)**
- કિડની ટ્રાન્સપ્લાન્ટ અને મૂત્રમાર્ગના નિષ્ણાંત - **ડૉ મયુર પાટિલ (ત્રીજો શનિવારે)**
- ડાયરેક્ટર ઓફ મિનિમલ ઈન્વેસિવ અને રોબોટિક કાર્ડિયાક સર્જરી - **ડૉ અમિત ચંદન (ચોથા શનિવારે)**
- ફેફસાના રોગોના નિષ્ણાંત - **ડૉ અમિત પટેલ (ચોથા શનિવારે)**

**સમય : સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**ઓપીડી વિશે વધુ જાણકારી અને અપોઈન્ટમેન્ટ માટે 82380 95712 | 82380 95715**

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Published 15th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2025-2027 issued by SSP Ahmedabad valid upto 31st December, 2027
Licence to Post Without Prepayment No. PMG/NG/090/2025-2027 valid upto 31st December, 2027

**If Undelivered Please Return to :**
Marengo CIMS Hospital, Nr. Shukan Mall,
Off Science City Road, Sola, Ahmedabad-380060.
Call : 1800 309 9999

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૪૮૦૫ ૨૮૨૩




તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી શક્તિ ઓફસેટ, એ ૬૨, પુષ્પરાજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નૂતન મીલ રોડ, અદાણી સીએનજી સ્ટેશન પાછળ, સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮ ખાતેથી છાપ્યું અને સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.